જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૦/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૨૨૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૨૫ બિયર ટીન, ૧ સ્કોર્પિયો ગાડી, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ ટેમ્પો કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૬/૧૪**

**ઓઢવ :** ઉર્વશીબહેન અજયકુમાર દાસ (ઉ.વ.૧૬)(રહે.માધવ એવન્યુ, સરદાર પટેલ રીંગ રોડ નજીક ઓઢવ) ને તા.૭/૧૦/૧૪ સવારનાં ૬/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી જયેશ ઉર્ફે ટીનીયો પોપટભાઇ ઠાકોર (રહે.પુરષોત્તમનગર, વિરાટનગર, ઓઢવ) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ઉર્વશીબહેનનાં પિતા અજયકુમાર દાસે તા.૧૨/૧૦/૧૪ નરોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૭/૧૪**

**મણીનગરઃ** રાનીબહેન મુત્તુભાઇ મુદલીયાર (રહે.ગુ.હા.બોર્ડ, હાટકેશ્વર સર્કલ, અમરાઇવાડી) તા.૧૨/૧૦/૧૪ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે કાંકરીયા ગેટ નં.૪ ની બહાર જલધારા વોટરપાર્ક બહાર એલ.જી.તરફ જતાં રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) રાનીબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- ખેંચી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાનીબહેન મુદલીયારે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.ચૌધરી ચલાવે છે.

**કાગડાપીઠ :** સ્મીતાબહેન રેનીસનભાઇ ક્રિશ્ચયન (ઉ.વ.૪૬)(રહે.જુની ક્રિશ્ચીયન સોસાયટી, મણીનગર) તા.૧૨/૧૦/૧૪ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે કાંકરીયા અપ્સરા સિનેમાની આગળ ટેલીફોન એક્સચેન્જની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ વર્ષના આશરાનાં) સ્મીતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સ્મીતાબહેન ક્રિશ્ચયને કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૫૮/૧૪**

**શાહપુર :** અબ્દુલસત્તાર બશીરઅહેમદ શેખ (રહે.દુધેશ્વર પાણીની ટાંકી પાસે, ગુરૂદ્વારા પાસે, માધવપુરા) એ તા.૯/૧૦/૧૪ સવારનાં ૯/30 વાગે ખાનપુર શાહવજુદ્દીન બાપુની દરગાહ પાસે હોન્ડા શોરૂમ નજીક ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.એક્સ.૩૮૩૪ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૩૦ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ અબ્દુલસત્તાર શેખે તા.૧૨/૧૦/૧૪ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.પઠાણ ચલાવે છે.

**સાબરમતી :** રમેશભાઇ બળદેવભાઇ ઠાકોર (રહે.ધર્મનગર, ફાયર સ્ટેશન સામે, સાબરમતી) એ તા.૧૨/૧૦/૧૪ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૦/૧૪ રાતનાં ૧૦/૦૦ વાગે રહેણાંક નજીક પાર્ક કરેલ ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.ઝેડ.૧૪૩૩ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એન.સાધુ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ : -** **સમાચાર યાદી નં.૨૫૫૯/૧૪**

**ઓઢવ :** જીગ્નેશભાઇ પ્રવિણભાઇ ગજેરા (રહે.મનોરથ એપાર્ટમેન્ટ ઉત્તમનગર, નિકોલ રોડ, બાપુનગર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૧૪ સાંજનાં ૭/૫૫ વાગ્યાના સુમારે ઓઢવ દાસ્તાન સર્કલ જવાના રીંગ રોડ ઉપર, હોટલ કાઠીયાવાડ સામેથી અજાણ્યો (૫૦ વર્ષના આશારા) પુરૂષ પસાર થઇ રહ્યો હતો ત્યારે એસન્ટ કાર નંબર એમ.એચ.૧૨.એ.એક્સ.૨૨૮૬ ના ચાલકે પોતાની કાર બેદરકારી અને પુરઝડપે ચલાવી લાવી અજાણ્યા પુરૂષને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં અજાણ્યા પુરૂષનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** ચિરાગ જવાનસિંહ ઠાકોર (ઉ.વ.૧૭)(રહે.ઠાકોર વાસ, સોલા ગામ) તા.૧૨/૧૦/૧૪ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ભાડજ ગામ તરફ જવાના રસ્તે સરસ્વતી રાઇસ મીલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એ.એમ.ટી.એસ. બસ નંબર જીજે.૧.સી.વી.૯૭૯૩ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ચિરાગની મોટર સાયકલને ટક્કર મારતાં ચિરાગ નીચે પડી જતાં બસનાં પાછળના વ્હીલમાં આવી જતાં તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ચિરાગના પિતા જવાનસિંહ ઠાકોરે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૫૬૦/૧૪**

**ચાંદખેડા :** મોહીત સુંદરલાલ વર્મા (ઉ.વ.૪૦)(રહે.મહારાજા એન્કલવ, સ્મશાન રોડ, ચાંદખેડા ગામ) એ કોઇ કારણસર તા.૧૧/૧૦/૧૪ રાતનાં ૧૧/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે લટકી જઇ ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**બાપુનગરઃ** ભરતભાઈ શંકરભાઈ બીરાવટ (રહે.પરસોત્તમનગર સોસાયટી વિરાટનગર ઓઢવ) એ તા.૧૨/૧૦/૧૪ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ કારણસર પોતાની જાતે ડાબા હાથની નસ કાપી નાખતા સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રી મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઈશ્રી કે.સી.ઠાકોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.